# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

Ref no. PN 2025-26/258 Dt. 22/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'એક્સપ્લોર બોત્સ્વાના' કાર્યક્રમ યોજાયો

## બોત્સ્વાનામાં રોકાણ કરી અને લાંબા ગાળે સાથે રહી વિકાસમાં સહભાગી થવા સુરતના ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ આપીએ છીએ, સોલાર અને વીન્ડ એનર્જીમાં ઘણી તકો છે : બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એકસલન્સ બોકોલો જોય

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પ્લેટીનમ હોલ, સંહતિ, સરસાણા, સુરત ખાતે 'એક્સપ્લોર બોત્સ્વાના' કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મુખ્ય અતિથિ તરીકે બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એકસલન્સ બોકોલો જોય ઉપસ્થિત રહ્યા હતા. હર એકસલન્સ બોકોલો જોયે સુરતના ઉદ્યોગ સાહસિકોને બોત્સ્વાનામાં રિન્યુએબલ એનર્જી સેકટરમાં રોકાણ કરી વિકાસમાં સહભાગી થવા માટે આમંત્રિત કર્યા હતા.

બોત્સ્વાનાના ખનિજ અને ઊર્જા મંત્રી હર એકસલન્સ બોકોલો જોયે ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, અમારી ઈકોનોમિક ડાયરેકશન સંપૂર્ણપણે સ્પષ્ટ છે. બોત્સવાના હવે વૈવિધ્યકરણ તરફ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. અમે માત્ર કાચા માલ અને ખનિજોના નિકાસ સુધી સીમિત રહ્યા નથી, પરંતુ વેલ્યુ એડિશન, મેન્યુફેકચરિંગ, સર્વિસિસ અને ટેકનોલોજી તરફ દ્રઢતાથી આગળ વધી રહ્યા છીએ. અમે એવા રોકાણોને આમંત્રિત કરીએ છીએ, જે રોજગાર સર્જન કરે, સ્કીલ્સનું હસ્તાંતરણ કરે, સાથે જ અમારી ક્ષમતાઓ અને ઉત્પાદન ક્ષમતાને મજબૂત બનાવે અને મજબૂત સપ્લાય ચેઇનનું નિર્માણ કરે. અમે કોઈને માત્ર ખનન કરીને

બહાર નીકળી જવા માટે આમંત્રિત કરતા નથી, પરંતુ બોત્સ્વાનામાં આવીને રોકાણ કરીને વિકાસમાં ભાગીદાર બનવા અને લાંબા ગાળે સાથે રહી વિકાસ કરવા માટે આમંત્રણ આપીએ છીએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, બોત્સ્વાનામાં રિન્યુએબલ એનર્જી ઔદ્યોગિકીકરણની કરોડરજ્જુ છે. અમારી સરકાર એનર્જી સિસ્ટમમાં મોડર્નાઇઝેશન અને હાય કવોલિટી એનર્જી સોલ્યુશન્સની દિશામાં આગળ વધી રહી છે. રિજનલ વેલ્યુ ચેઇનને પણ એકસપાન્ડીગ કરી રહયા છે. અમારા ત્યાં સ્ટ્રોન્ગ ઇન્સ્ટીટયુશન્સ, ટ્રાન્સપરન્ટ ગવર્નન્સ અને ઇન્વેસ્ટમેન્ટને પ્રોટેકટ કરવા માટે પ્રોટેકટેબલ પોલિસીઝ છે, આથી સુરતના ઉદ્યોગ સાહસિકોને બોત્સ્વાનામાં સોલાર અને વીન્ડ એનર્જીમાં ઘણી તકો છે. બોત્સ્વાના અને ભારત વચ્ચેનો સંબંધ લોકશાહી મૂલ્યો, પરસ્પર સન્માન અને લોકોથી લોકો વચ્ચેના મજબૂત સંબંધો પર આધારિત છે.

કે.પી. ગૃપના ચેરમેન શ્રી ફારૂક પટેલે જણાવ્યું હતું કે, કેપી ગૃપ દ્વારા બોત્સ્વાનાની ઝીરો એમિશન પ્રતિબદ્ધતા પૂર્ણ કરવા માટે બોત્સવાનાના રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સમાં રૂ. ૩૬,૦૦૦ કરોડનું રોકાણ કરશે. એના માટે કેપી ગૃપે બોત્સ્વાના સરકાર સાથે એમઓયુ કર્યા છે. આ એમઓયુ મુજબ બોત્સ્વાનાનું ઊર્જા અને ખનિજ મંત્રાલય કેપી ગૃપ સાથે સંયુક્ત રીતે રિન્યુએબલ એનર્જી વિકસાવશે અને બોત્સ્વાનાની સ્વચ્છ ઊર્જાને ૫ ગિગાવોટ સુધી લઈ જશે.

તેમણે જણાવ્યું હતું કે, બોત્સ્વાનામાં ૧૨૦૦૦ ભારતીયો રહે છે. રિન્યુએબલ એનર્જી પ્રોજેકટ્સને કારણે ત્યાંના ભારતીયો તથા સ્થાનિક રહીશોને રોજગાર મળશે. આ ઉપરાંત, સ્કોલરશિપ પ્રોગ્રામ અંતર્ગત બોત્સ્વાનાના ૩૦ વિદ્યાર્થીઓને સુરતમાં પી.પી. સવાણી યુનિવર્સિટીમાં રિન્યુએબલ એનર્જીનો અભ્યાસ કરાવવામાં આવશે. આ વિદ્યાર્થીઓનો તમામ ખર્ચ કેપી ગૃપ દ્વારા કરવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, હ્યુમન અને પ્લેનેટને લાભ થાય અને આવનારી પેઢી યાદ કરે એવું કામ કરવાનું છે.

ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના પૂર્વ ચેરમેન અને એસ.આર.કે. નોલેજ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિકે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. એવી જ રીતે રીઘન ફેશન્સ પ્રા.લિ.ના શ્રી દિનેશ ધનકાનીએ ઉદ્યોગ સાહસિકોને સંબોધ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમમાં સ્વાગત ઉદ્‌બોધન કર્યું હતું. ચેમ્બરના તત્કાલીન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, એસજીસીસીઆઇ ગ્લોબલ કનેકટ કમિટીના ચેરમેન શ્રી દેવકિશન મંઘાણી, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને રોકાણકારો કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રીમતી જિલ્પા શેઠે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.